નમસ્કાર ગાંધીનગર

પમરાટ

ભાગતા લોકોનું ટોળું છે શહેર
હાંફતા લોકોનું ટોળું છે શહેર
ગૂંચવી નાખે છે દીવસ-રાતને
જાગતા લોકોનું ટોળું છે શહેર
લાગણી પૈસો પ્રતિષ્ઠા ને પ્રણય
માપતા લોકોનું ટોળું છે શહેર

- શહેરી

પાથેય

- રમેશ ઠક્કર

ટોળું અને ભીડ...

આપણે સહુ એક કોલાહલ વચ્ચે જીવીએ છીએ...માણસને ભીડ ગમતી હોય છે.ટોળું એ એનો આગવો મિજાજ છે.એકમેકની નજીક જીવતા લોકો બાહય રીતે એકબીજા સાથે જોડાયેલા હોય એવું લાગે પરંતુ હકીકતમાં વાત કંઈક અલગ જ હોય છે..ભીડ કે કોલાહલની વચ્ચે પણ માણસ વાતચીત શોધતો હોય એવું પણ બને ! પાસપાસે તોય કેટલાં જોજન દૂરનો આપણો વાસ..એવું કહેવામાં જે સંવેદના છે એ સાર્વત્રિક હોય છે.જાહેરમાં એકબીજાને ગળે વળગીને વ્હાલ કરતો માણસ સપાટી ઉપરના સ્પર્શથી ભાગ્યે જ આગળ વધતો જોવા મળે છે..છેક ઘરના આંગણે સુધી આવી જતા માણસને બહારથી જ શાબ્દિક આગતાસ્વાગતા કરી "આવો ફરી કયારેક બેસી શકાય એમ..!" એવું કહી દેતા લોકો ઠાવકાઈથી મળવાની મુળ ભાવનાને કુઠારાઘાત આપે છે..આ રીતે વર્તતા લોકો વચ્ચે સહજ લાગણીનો સંચાર કઈ રીતે થઈ શકે ? અને એટલે જ એવું બની શકે કે જગતની દ્રષ્ટિએ નજદીક લાગતા માણસો વચ્ચેના ભેદ એટલા ઘેઘૂર હોય છે કે એને ભેદવાનું કામ કઠીન બની જાય છે..

આહાર એટલે કે ભૂખ એ પ્રાણીમાત્રની પ્રાથમિક જરૂરિયાત હોય શકે એ જ રીતે લાગણી કે પ્રેમ માટેની ભૂખ એ પણ દરેકને સતાવતી હોય છે..માણસ કોઈકનો સહચાર ઝંખે છે..કોઈકની સાથે મોકળા મને વાત કરવાની એને તાલાવેલી હોય છે..કેટલાક લોકો આ ભાવને સંયમિત રીતે પ્રગટ કરી શકે છે..જગતમાં એવા લોકો પણ હોય છે જેમની લાગણી કે પ્રેમ માટેની ઝંખના અત્યંત તીવ્ર અને બોલકી હોય છે..આવા લોકોને આપણે લાખણીભૂખ્યા કહીએ છીએ..મજાની વાત એ છે કે કોઈકની લાગણી માટે સતત તરસતો માણસ અન્યને એ આપવા માટે એટલો ઉદાર હોતો નથી ! પોતાની સાચી નોંધ લેવાય..કોઈક આવીને પ્રેમનો એક અણસાર આપી જાય એ માટેની તીવ્રતા જાણેઅજાણે આપણા સહુની એક સહજ અભિપ્સા બની જાય છે..આતુરતા એ દરેકને સતાવતી વાત છે..કવિઓ લેખકો કે સર્જકો જેને આપણે અત્યંત સંવેદનશીલ માણસો કહીએ છીએ એવા લોકોમાં એ બેહદ તીવ્ર હોય છે..એ લોકોની કેફિયત કે પોતાના વિશેનાં બયાનો સાંભળીએ ત્યારે એમની આ અંગેની ઉંડાઈનો આપણને અનુભવ થાય છે..ઘણીવાર તો પ્રેમ માટેની ઝંખના જ માણસને સર્જક અથવા તો સંત બનાવે છે.એવાં ઉદાહરણ આપણી આસપાસ અનેક હોય છે.. લાગણીની ભૂખ ના સંતોષાય ત્યારે એનામાં એક વિષાદ ઉભો થાય છે..વાસ્તવથી વિમુખ થતાં જ એક કલ્પના જગત ઉભું થઈ જાય છે..કલ્પના વિહાર એ માણસનો આમાંથી છુટવાનો સોદો ઉપાય છે..બહારથી બરછટ લાગતા માણસની ભીતર ભવ્ય ભાવજગત ઝળહળતું હોય એવું આપણે ઘણીવાર અનુભવીએ છીએ..'કયારેક કાચ સામે કયારેક સાચ સામે..થાકી જવાનું કાયમ તલવાર તાણી તાણી...'ચિનુ મોદી માણસની મથામણને આ રીતે વ્યક્ત કરે છે..!યુધ્ધો કે લડાઈઓમાં મળતા પરાજય કરતાં આવા પરાજયો વધારે કારમા હોય છે..

ઘણીવાર આપણે નિરર્થકતાનો એહસાસ કરીએ છીએ..બરાબર મહેનત કરી હોય,નિષ્ઠા દાખવી હોય તોય પરિણામ વિફળ હોય..આવા સમયે સાર્થકતા નો અભાવ માણસને કોરી ખાય છે...સભરતા હંમેશાં પ્રસન્નતા આપે છે પરંતુ એ માટે માત્ર પુરુષાર્થ નહી જીવન પ્રત્યેનો અભિગમ પણ મહત્વની ભૂમિકા નિભાવે છે..નાનું સરખું કાર્ય કે નાનકડી સંબંધની લકીર જયારે તૃપ્તતાનો અનુભવ કરાવે છે ત્યારે આપોઆપ આનંદ છવાઈ જતો હોય છે.સતત ધમાલ અને અવિરત આયામો પછી પણ કંટાળાજનક વિફળતાની અનુભૂતિ થાય તો ટકી રહેવું મુશ્કેલ બની જાય છે..આપણી મથામણ કયારેક સાચી દિશાની તો કયારેક કાચી કેડીની હોઈ શકે. બંનેમાં થાક ચોકકસ લઘુતમ સામાન્ય ઘટના હોય તો પણ એક તરફ સાર્થકતા અને બીજી તરફ એકવિધતાનો એહસાસ ઉભય પક્ષે અલગઅલગ પરિણામો આપે છે..આપણુ ગંતવ્ય જયારે ગણિત બની જાય ત્યારે ખાલીપો છવાઈ જાય છે..સભરતાનું કર્તવ્ય આપણને ભીતરબહાર તરબતર કરી જાય છે..!

સંતશ્રી જ્ઞાનદેવ એટલે આનંદભૂમિના ઉદ્‌ગાતા અને કાન્તદર્શી કવિ

ભારતની ભૂમિમાં અનેક સંતો થયા છે. મહારાષ્ટ્રમાં થયેલા સંત જ્ઞાનદેવે લોકોભિમુખ થઈને ઉત્તમ સર્જન કર્યું. જ્યારે તેરમી સદીમાં સન્યાસી પુત્રને જન્મવાનો અધિકાર નથી એવી માન્યતા હતી, ત્યારે સામાજિક રીતે બહિષ્કૃત કુટુંબમાં જન્મેલા સંત જ્ઞાનદેવે સમાજના માનસને બદલવાનો પ્રયાસ કર્યો. એ વખતે બોલાતી પ્રાકૃત ભાષાનો તેમણે ઉપયોગ કર્યો હતો. તેમણે ભગવદ્ ગીતાનું સાચું અધ્યાત્મ લોકો સુધી પહોંચાડ્યું. તેમણે જ્ઞાનેશ્વરી નામનો ઉત્તમ ગ્રંથ રચ્યો. ભગવદ્ ગીતાને તેઓ મા કહેતા.



આજે પણ જ્ઞાનદેવ હયાત હોય તેવી પ્રતીતિ મહારાષ્ટ્રમાં થાય છે. મહારાષ્ટ્રમાં નામદેવ, તુકારામ વગેરે જેવા મહાન સંત કવિઓ થઈ ગયા, પરંતુ તેમાં સંત જ્ઞાનદેવનું સ્થાન સંત શિરોમણી જેવું છે. આજે પણ જ્ઞાનદેવના અભંગો મહારાષ્ટ્રની સવારને સૂરિલી બનાવે છે. જ્ઞાનદેવના અભંગોને કીર્તન સમયે સાંભળવા એક લહાવો ગણાય છે. તેમના ગીતો, તેમની કૃતિઓ મહારાષ્ટ્રની જનતા માણે છે. સંત જ્ઞાનદેવે સંસ્કૃત ભાષા ન જાણતા હોય તેવા લોકો માટે બ્રહ્મવિદ્યાનું જ્ઞાન સુલભ કરાવવા માટે માતૃભાષા મરાઠી પસંદ કરી હતી. 'અમૃતાનુભવ' ના પ્રથમ પાંચ શ્લોકો તેમણે સંસ્કૃતમાં લખ્યા, પરંતુ એ પછી તેમણે અમૂલ્ય જ્ઞાનનો લહાવો વધુ ને વધુ લોકો લઈ શકે તે માટે માતૃભાષા પસંદ કરી. મૂળ સંસ્કૃત ગ્રંથો જેવું સમૃદ્ધ સાહિત્ય આપી શકે તેવો તેમણે પ્રયાસ કર્યો. એમાં તેઓ સફળ પણ થયા. તેઓ માનતા હતા કે, માતૃભાષા મરાઠી એવી બોલવી જેથી આકાશમાં અને ચોતરફ સર્વત્ર સાહિત્ય રંગો ઉમટી પડે. સંત જ્ઞાનદેવની આ અભિલાષા અનેક કૃતિઓ દ્વારા પૂર્ણ થઈ હતી. તેમનું જ્ઞાન, અનુભવ અને પ્રેમ એકમેકમાં એવાં ગૂંથાયા કે આખા મહારાષ્ટ્રમાંથી તેમને ખૂબ પ્રેમ મળ્યો.

કોઈ એક સંત માતૃભાષાને કયા સ્તર સુધી પહોંચાડી શકે તે જોવું હોય તો અહીં જોવા મળે.

એક કાવ્ય પંક્તિમાં કહેવાયું છે કે, 'હું મરાઠી ભાષા જ્ઞાનદેવની માતા તમને વિનંતી કરું છું કે, મારો લાડલો જ્ઞાનદેવ ભગવાન શ્રીકૃષ્ણને ગીતા સંભળાવી રહ્યો છે તે તમે પણ ધ્યાન દઈને સાંભળજો'

જ્ઞાનદેવ માત્ર ૨૧ વર્ષ જીવ્યા હતા, પરંતુ તેમણે જે પ્રદાન કર્યું છે તે લાંબો સમય યાદ રહેશે. આટલા અલ્પ સમયમાં તેઓ જ્ઞાનેશ્વરી જેવો અદભુત ગ્રંથ રચીને ગયા. મહારાષ્ટ્ર વાસીઓ આ ગ્રંથને ગૌરવથી નવાજે છે. ભલે એ વખતે સમાજે સંત જ્ઞાનદેવને ત્યજ્યા હતા, પરંતુ તેમણે ક્યારેય સમાજને ત્યજ્યો નહોતો. સમાજ માટે ખાસ કરીને મધ્યમ વર્ગથી પણ નીચેના સમાજ માટે જ્ઞાનદેવે શક્ય તેટલું કર્યું હતું. 'તેમના બહિષ્કારની જરૂર નથી, તેઓ પણ માણસ જેવા માણસ છે, તેમને પણ કોઈ પણ ધર્મ પાળવાનો અધિકાર છે.' આવું તેમણે સમાજને વારંવાર સમજાવ્યું હતું. સંત જ્ઞાનદેવના અનુયાયીઓમાં નીચલી ગણાતી કુંભાર કે દલિત જ્ઞાતિની વ્યક્તિઓ પણ હતી. આજે પણ સમાજ જ્ઞાનદેવને બાઉલી એટલે કે મા કહીને બોલાવે છે.

તેમની સ્મૃતિમાં પગપાળા, આળંદી, પંઢરપુર, નેવાસે જેવા ક્ષેત્રોમાં જાય છે. સંત જ્ઞાનદેવનું લેખન કાર્ય નેવાસેમાં થયું હતું તેથી એ સ્થાન લોકહૃદયમાં વસી ગયું છે. આજે પણ અક્ષરદેહે જ્ઞાનદેવ જનહૃદયમાં વસે છે.

કોઈ ઓરડીમાં બસો વરસનું અંધારું હોય, પણ બારણું ખોલો એટલે અંધારું હતું - ન હતું થઈ જાય

કેટલાક લોકો યુવાનોની ખુશામત કરે છે અને માને છે કે યુવાનોને અમે પ્રેરણા આપીએ છીએ. પણ ખુશામત એ શરાબ છે, તેથી શૂર ચડાવવા માટે પછી દર વખતે તેને વધુ ને વધુ મોટો ડોઝ આપવો પડે છે.

આજના આ સમયમાં બહારથી બધું ટીપ-ટોપ અને સારું સારું અને અંદરથી સાવ ખોખલું છે. જો કે, કેટલાક યંગસ્ટર્સ તોછડા લાગે એટલી હદે પ્રામાણિક પણ છે. પોતાનો ગમો-અણગમો તરત જ વ્યક્ત કરી દે છે. આજની આ જનરેશન તર્કમાં માને છે. જો તેમની દરેક બાબતોનો સંતોષકારક જવાબ આપવામાં આવે તો તેમના ગળે એ વાત તરત જ ઉતરી જાય અને તેઓ આજીવન એને વળગી પણ રહે છે. તેમને ખોટી પ્રશંસાના રવાડે ચડાવવા એ આખાયે સમાજને ગેરમાર્ગે દોરવા જેવું ભયજનક છે. નોનવેજ ખાવું અને ડ્રીંક પીવું એ જાણે એક ફેશન સ્ટેટમેન્ટ બની ગયું છે. પણ જો નવયુવાનોને પોતાની મેળે જ શાકાહારી બનવાના ફાયદાઓ સમજાઈ જાય તો તેઓ માંસાહારનો સ્વેચ્છાએ ત્યાગ કરે છે. વનસ્પતિમાં જે પ્રોટીન રહેલું છે તે પહેલાં કોઈ પશુ ખાય, ને પછી તે પશુનું માંસ માનવી ખાય, તો મૂળ પ્રોટીનનો ફક્ત દસમો ભાગ માણસના પેટમાં પહોંચે છે. પ્રોટીન મેળવવાનો આ તો અત્યંત ખર્ચાળ રસ્તો કહેવાય — વળી જો બધા લોકો માંસાહારનો ત્યાગ કરે તો આજના કરતાં ત્રણગણી વસ્તી પૃથ્વી પર પોષાઈ શકે, અથવા આજની વસ્તીને આજના કરતાં ત્રણ ગણો પોષણદાયી ખોરાક મળી શકે. આ ઉપરાંત આખા ગ્રુપમાં એક કે બે વ્યક્તિ જયારે આલ્કોહોલ અને નોનવેજનો ત્યાગ કરે અથવા ન લે ત્યારે આપોઆપ અન્ય મિત્રોને પણ એક સકારાત્મક વિચાર મળે છે અને એ જ આપણી સંસ્કારિતા અને કેળવણીનું સાચું પ્રમાણ છે.

નિયમિત રીતે આલ્કોહોલનું સેવન કરવા માત્રથી તે વ્યક્તિ અછૂત, વર્જ્ય કે દોષિત બની જાય છે તેમ માનવું સદંતર ભૂલભરેલું છે. પણ આલ્કોહોલનું સેવન જયારે એક અભિવ્યક્તિના માધ્યમ તરીકે થાય ત્યારે સમસ્યા સર્જાય. પાશ્ચાત્ય સંસ્કૃતિના આંધળા અનુકરણ કરનારા આપણે અંદરથી હજી પણ ટીપીકલ ઈન્ડિયન જ હોવાને કારણે આલ્કોહોલને પચાવી કે જીરવી શકતા નથી. અને એટલે જ આપણે આલ્કોહોલ એ એક સામાન્ય પીણા તરીકે

નહીં પણ એક **laxative** (રેચક) તરીકે લઈએ છીએ. પ્રેમ, નફરત, ગુસ્સો કે ઘૃણા જે આપણે કોઈની સામે વ્યક્ત કરતાં અચકાતા હોઈએ એ આલ્કોહોલના સેવન બાદ સરળતાથી કરી શકીએ છીએ એમ આપણું માનવું છે જે સદંતર વાહિયાત અને બાલિશ બાબત જ ગણાય. આપણી ભાવનાઓ કે ઈચ્છાઓ પ્રદર્શિત કરવા આપણે પોતે જ સક્ષમ હોવા જોઈએ. શ્રી કાકા કાલેલકર લખે છે કે, 'લોકો પોતાનું પાપ છુપાવે છે, એના કરતાં પોતાની નિરાશા અને પોતાનો થાક માણસે છુપાવવો જોઈએ. પાપ ઉઘાડું કરવાથી એનું ઝેર નીકળી જાય છે; પણ થાક અને નિરાશા વ્યક્ત કરવાંની સાથે વધે છે અને પ્રતિષ્ઠિત થવા માગે છે.'

આજના આ સમયમાં ઈમોશનલી કોઈનું શોષણ કરનારા લોકોનું પ્રમાણ વધ્યું છે. પોતે હતાશ છે કે નિરાશ છે એવું ૧૦ માંથી ૭ વ્યક્તિઓનું માનવું છે. થોડા ઘણા અંશે તે સાચું પણ હશે પણ પ્રશ્ન ત્યારે ઉદ્‌ભવે જયારે વ્યક્તિ પોતાની એ નિરાશા અને હતાશાને સાધનરુપે વાપરીને સહાનુભૂતિ કે પ્રેમ મેળવવાની ઝંખના કેળવે. તેને પોતાની આ નબળાઈ પ્રત્યે લોકોનું ધ્યાન અને **attention** મેળવવાની ઝંખના જાગે. અને આવા સમયે જો તેને પૂરતું **attention** કે ધ્યાન ન મળે તો તેની નિરાશા અને હતાશા વધુ ઘેરી બની જાય છે. સૌ પ્રથમ તો જીવનમાં આવતી નાની-મોટી સમસ્યાઓનું સમાધાન કરવાની અને તેનો સામનો કરવાની વ્યક્તિની પોતાની ક્ષમતા હોવી જરૂરી છે અને તેમ છતાં જો સંજોગો વધુ પ્રતિકૂળ બને તો પણ અન્ય જગ્યાઓએ તેનો દેખાડો કરવાથી પરિસ્થિતિ સુધરવાને બદલે વધુ વણસી શકે છે.

તમે કયા પ્રકારનું વાંચન કરો છો અને તમારી આસપાસ કેવા પ્રકારના લોકો છે તેનો સૌથી વધુ પ્રભાવ વ્યક્તિના વ્યક્તિત્વ પર પડે છે. **Friend Circle** પરથી અને વ્યક્તિના વાંચન પરથી તે કેવા પ્રકારનો છે તેનું અનુમાન કરી શકાય. તમે જે વાંચન કરી રહ્યા છો કે જે મિત્રો સાથે બેસો છો તે યોગ્ય છે કે નહિ તે જાણવા માટે તમારી જાતને પ્રશ્ન કરવો કે આ વાંચન અને કંપનીથી તમારા વિચારોમાં સકારાત્મક પરિવર્તન આવ્યું છે? તમે આજે જે છો તેનાથી વધુ વિનમ્ર, **helping** કે **caring** વ્યક્તિ બન્યા હો તો તમારું વાંચન તેમજ સંગ બંને ઉત્તમ પ્રકારનો છે તેમ માનવું. પણ જો તમે જે કંપનીમાં છો તેનાથી તમે વધુ નકારાત્મક, નિરાશાવાદી અને તોછડા થઈ રહ્યા હો તો તમારે તમારું વાંચન તેમજ કંપની બંને વહેલામાં વહેલી તકે બદલવાની જરૂર છે. અને હા, ઉતાવળમાં આવીને ત્યાગી ન બનશો. પણ જેટલું તો એ ઉત્સાહથી તજજો અને એ ત્યાગ શોભાવજો. ત્યાગ કરવા કરતાં ત્યાગને લાયક બનવું ઘણું કઠણ છે. નકામી વસ્તુઓનો ત્યાગ કરવો, એ સિદ્ધાંત જ્ઞાનસંગ્રહમાં પણ જરૂરી છે. જયારે તમને તમારું જીવન સંપૂર્ણપણે સમજાઈ જશે અને તમે એનો સંપૂર્ણપણે સ્વીકાર કરી લેશો ત્યારથી તમને જીંદગીનો નશો ચડી જશે, ઈશ્વરની રચેલી આ સૃષ્ટિનો નશો ચડવા લાગશે. વાસ્તવિકતાથી દૂર ભાગવાની કે સ્વપ્નની દુનિયામાં રાચવાની કોઈ જરૂરિયાત જ નહિ રહે. જિંદગીને જેવી છે તેવી જ ચાહવાની અને માણવાની તમને ટેવ પડી જશે. જાતને આનંદમાં રાખવા કોઈ નશીલા પદાર્થોનો સહારો લેવાની જરૂર નહિ રહે. મનગમતા પુસ્તકોના વાંચનનો જ નશો ચડશે અને મનગમતાં મિત્રોના સંગાથનો પણ નશો ચડશે.

Last Seen :

અજ્ઞાન દૂર કરવા માટે હજાર વરસની જરૂર નથી. ખોટા ખ્યાલો ને ભ્રમણાનો છોડી દેતાં ઘણી વાર લાગે છે પણ અજ્ઞાન તો પોલાણ જેવું છે, એને દૂર કરતાં વાર નથી લાગવાની. કોઈ ઓરડીમાં બસો વરસનું અંધારું હોય, પણ બારણું ખોલો એટલે અંધારું હતું — ન હતું થઈ જાય.

- nehalgadhavi101@gmail.com

સલામતી અટકાયત ધારો - ૧૯૫૦

ભારતની સલામતીને અનુલક્ષીને અને રાજયને પણ તેની આંતરીક સલામતીને અનુલક્ષીને સલામતી અટકાયત ધારા ઘડવાની છુટ છે

આ કોઈ ગુન્હાહિત કૃત્ય કરવાનું પરિણામ નથી માત્ર ગુન્હાહિત કૃત્ય બનવાની સંભાવનાના આધાર ઉપર કરવામાં આવતી અટકાયત છે તે શિક્ષાત્મક નથી આ અટકાયત કોઈપણ ગુન્હો સાબીત થયા સીવાય કે કોઈપણ આક્ષેપ મુક્યા સીવાય કરવામાં આવે છે.

ભારતના કાયદામાં સલામતી અટકાયત કાયદાની કોઈ ચોક્કસ વ્યાખ્યા આપવામાં આવી નથી, પરંતુ તેનું ઉદ્‌ગમસ્થાન બ્રિટનના ડિફેન્સ ઓફ ધી રેલ્મ એકટ ૧૯૧૪ ના નિયમ-૧૪(બ) માંથી લેવામાં આવ્યો હોવાનું અનુમાન કરવામાં આવે છે. પ્રથમ વિશ્વ યુધ્ધ સમયે ૧૯૧૪માં આ કાયદો પસાર કરવામાં આવ્યા પછી ૨૬ ફેબ્રુઆરી,૧૯૫૦ ના રોજ સલામતી અટકાયત ધારો અમલમાં આવ્યો.

ભારતની સલામતીને અનુલક્ષીને અને રાજયને પણ તેની આંતરીક સલામતીને અનુલક્ષીને સલામતી અટકાયત ધારા ઘડવાની છુટ છે. નિવારક અટકાયત સામાન્ય અટકાયતની જુદી પડે છે. આ કોઈ ગુન્હાહિત કૃત્ય કરવાનું પરિણામ નથી માત્ર ગુન્હાહિત કૃત્ય બનવાની સંભાવના આધાર ઉપર કરવામાં આવતી અટકાયત છે. તે શિક્ષાત્મક નહિ પરંતુ નિરોધાત્મક છે. આ અટકાયત કોઈપણ ગુન્હો સાબીત થયા સીવાય કે કોઈપણ આક્ષેપ મુક્યા સીવાય કરવામાં આવે છે.

૧૯૫૦ માં સૌ પ્રથમ એક વર્ષ માટે આ કાયદો ઘડવામાં આવ્યો અને તેની મુદ્દત લંબાવવામાં આવતી રહી. ૧૯૬૯ સુધી તેની મુદ્દતમાં વધારો કરવામાં આવ્યો પરંતુ ૧૯૬૯ માં આ કાયદાનો અંત લાવી ૨૦૧૬માં નવા કાયદા ઘડવામાં આવ્યા.

સલામતી કાયદાની જોગવાઈ અને ન્યાયતંત્રના નિર્ણય મુજબ ભારત જેવા લોકશાહિ દેશમાં જયાં સ્વતંત્રતાનો ખ્યાલ મૂળભૂત અધિકારના સ્વરૂપમાં સ્વીકારવામાં આવ્યો હોય ત્યારે આ રીતે કોઈપણ પ્રકારના કારણો આપ્યા સીવાય માત્ર શંકા પરથી વ્યક્તિની ધરપકડનો કાયદો ખૂબ જ વિરોધાભાસી બાબત હતી. આ કાયદાની જોગવાઈઓ એટલી કડક હતી કે અટકાયતીને અટકમાં લેવા માટે જે કારણો આપ્યા હોય તે બાબતમાં અદાલતને હસ્તક્ષેપ કરવાનો હક્ક ન હતો જો કે સલામતી ધારાને બંધારણીય ગણવામાં આવ્યો હતો. બંધારણની કલમ-૨૨(૪) થી ૨૨(૭) માં તેને સ્થાન આપવામાં આવ્યું છે પરંતુ સમય જતા જેમ જેમ નવા કાયદાની જરૂર ઉપસ્થિત થતી ગઈ તેમ તેમ આ કલમમાં ઉમેરો કરી નવા કાયદાને બંધારણીય સ્થાન આપવામાં આવ્યું જે સમય અને સ્થિતિ પ્રમાણે દરેક રાજયોમાં અલગ અલગ રીતે લગાવવામાં આવે છે. આ કાયદાનો મોટાભાગે રાષ્ટ્રીય કટોકટીના સમયમાં ઉપયોગ યાને દૂરઉપયોગ થયો. રાજકિય હેતુઓ સિધ્ધ કરવા તેનો ઉપયોગ કરવામાં આવ્યો. આ કાયદા હેઠળ કરવામાં આવતી અટકાયત સામે હેબિયર્સ કોપર્સ કેસ તરીકે ઓળખાતી જો કે સર્વોચ્ચ અદાલતે આ કાયદાને વૈદ્ય ગણવામાં આવેલ. ૧૯૭૮ ની ચૂંટણી બાદ જનતા સરકારનું શાસક આવતા આ કાયદો રદ કરવામાં આવ્યો હતો પરંતુ ચરણસિંહની સરકારમાં નેશનલ સીકયોરીટી એકટ, ૧૯૮૦ અને કોફેપોસા એકટની જોગવાઈ તરીકે પુનઃ અમલમાં મુકાયો તેમાં અટકાયતીની અટકાયત બાદ તેના નજીકના સગાને જાણ કરવી, વિશિષ્ટ સંજોગોમાં અટકાયતીને તેના વિસ્તારની અંદર જ કેદ રાખવો, અટકાયતીને ખોરાક, વાંચન સામગ્રી, મુલાકાતીની પરવાનગી આપવી વિગેરે અટકાયતી સામે માનવ ગૌરવ ને છાજે તેવું વર્તન કરવું અને સલાહકાર બોર્ડની રચના કરવી જો કે ૧૯૭૮ બાદ આ બોર્ડની પુનઃ ગઠનની કેન્દ્ર સરકારને આવશ્યકતા જણાઈ નથી.

નિવારક અટકાયત એ લોકશાહિ શાસન વ્યવસ્થાને વરેલા દેશ માટે દુષણ સમાન હોવા છતાં તેને એક અનિવાર્ય અનિષ્ટ ગણવામાં આવેલ છે. અદાલતે પણ વિવિધ સમુદાયો દ્વારા તેને અનુમોદન આપેલ છે આ કાયદાની આપમુસ્દી અને સક્ષ મનસ્વી અને દુષીત ઈરાદાથી ઉપયોગ ન થાય તે માટે અટકાયતીને કેટલાક અધિકારો આપવામાં આવ્યા છે.

સલાહકાર બોર્ડ અંગેની ૪૪ માં સુધારા અગાઉની જોગવાઈ પારદર્શક અને તટસ્થ ન હતી ૪૪ માં સુધારાની સૂચિત કલમ કરી સલાહકાર બોર્ડમાં વડી અદાલતના મુખ્ય ન્યાયાધિશની ભલામણ મુજબના કોઈ ચાલુ ન્યાયાધિશનું બોર્ડ રચવાની જોગવાઈ હતી જે કાગળ ઉપર જ રહી જવા પામી છે. અટકાયતીને તેના એડવોકેટ રાખવાની છૂટના આપતા સર્વોચ્ચ અદાલતે જણાવ્યું છે કે એમઆઈએએ ના કાયદાની કલમ ૧(૪) મુજબ અટકાયતીને એડવોકેટ દ્વારા રજુઆતનો હક્ક છે હાલમાં પાસાના અટકાયતીને પણ આ લાભ આપવામાં આવે છે જો કે ૯૦ દિવસ બાદ જ આવા બોર્ડનું ગઠન થઈ રજુઆત સાંભળી નિર્ણય લે છે. અટકાયતીને તેની અટકાયના કારણો જાણવાનો અને તેનું બચાવનામું રજુ કરવાનો અધિકાર મળે છે અને એકવાર અટકાયતના કારણો જણાવ્યા પછી તેમાં ઉમેરો કરવાનું પણ કોર્ટે ગેરમાન્ય ઠરાવ્યું છે.

સલામતી ધારાની કડક જોગવાઈઓ સામે ભારતની સર્વોચ્ચ અદાલતોના ચુકાદાઓને કારણે ઘણી જ નબળી પડી ગઈ છે. આ કારણે સરકારે નેશનલ સીકયુરીટી એકટમાં સુધારો કરીને વધુ કડક કાયદા બનાવ્યા છે. બે દાયકાથી વધુ સમયથી ભારતનો કેટલોક ભાગ અલગતાવાદ, ભાંગફોડીયા, આંતકવાદ અને ત્રાસવાદી પ્રવૃત્તિથી ત્રસ્ત છે. આ પ્રવૃત્તિ કડક હાથે ડામવા માટે સરકારે ૧૯૮૬ માં ટાડા નામે કાયદો પસાર કર્યો હતો જેની કેટલીક જોગવાઈઓ રદ કરવા છતાં કોર્ટે આ કાયદાને વૈદ્ય જાહેર કરેલ છે. છેલ્લે સંસદમાં ભારે ધમાલ અને વિરોધ વચ્ચે ૨૦૦૧ માં સરકારે પોટા નો કાયદો પસાર કરેલ છે. આંતકવાદી પ્રવૃત્તિમાં દિનપ્રતિદિન વધારો થતા આ પ્રકારના કાયદાની જરૂરીયાત હવે લેશમાત્ર શંકાસ્પદ નથી કોઈ નિર્દોષ નાગરિકો આ કાયદામાં ભોગ ન બને તેનું ધ્યાન રાખવા ભારતની કોર્ટો સજાગ છે. તાજેતરમાં ભારતીય જવાનોની આંતકવાદીઓ દ્વારા થયેલ નિર્મમ હત્યા ઉપરથી આ કાયદાની મહત્વતા સમજાઈ છે. આંતકવાદીનો ભારતીય જવાનો દ્વારા બોલાવાતો ખાત્મો અને તેના પરિણામ સ્વરૂપ ભારતીય જવાનોની સહિદી વચ્ચે ટાડા, પોસા, પોટા અને નેશનલ સીકયુરીટી એકટ જેવા કાયદાની મહત્વતા ભારતીય નાગરિકોને સમજાઈ છે. ભારતીય નાગરિકોની સલામતી અને શાંતિ માટેના ઉપાય તરીકે નિવારક અટકાયતનો કાયદો અમલમાં મુકવા માટે રાજય તથા કેન્દ્ર સરકારને પગલા ભરવાની છુટ આપવામાં આવી છે અને સ્થળ સ્થિતિ અને પરિસ્થિતિ મુજબ આ નિયમોમાં છુટછાટ તથા કડક પાલન કરવામાં આવે છે. હાલમાં, નેશનલ સિકયોરીટી એકટ મુજબ તોડફોડ તેમજ ભાંગફોડ કરી રાષ્ટ્રની સંપતિને નુકશાન કરવા તથા ધાર્મિક કે સામાજીક, રેલીઓ, શોભાયાત્રા ઉપર તેમજ ઝૂલુશ પર પથ્થરમારો કરી આમ નાગરિકોની સુલેહ શાંતિ તથા સલામતીને જોખમમાં મુકી હિંસાત્મક પ્રવૃત્તિ કરતા અસામાજીક તત્વો સામે કડક હાથે કાર્યવાહી કરી જેલનાં હવાલે કરેલ છે. ભારતીય નાગરિકોની સલામતી, જાનમાલની સલામતી માટે આ કાયદાઓ અનિવાર્ય જ નહિ પણ આવશ્યક છે.

મો. 98254 50191, www.trivediassociates.in